# <u>નવસારી કૃષિ યુનિવર્સિટી</u>

## <u>આંબા ફાલ હરાજીની જાહેરાત</u>

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકના જુદા જુદા કેન્દ્રો ખાતેથી આંબાનો ફાલ ઉતારી લઈ જવાનો ઈજારો આપવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓએ નીચે જણાવેલ કેન્દ્રના અલગ અલગ ઈજારા માટેજે તે કેન્દ્ર ખાતે રૂા. ૬૦૦/– રોકડા ભરી ટેન્ડર ફોર્મ મેળવવાનું રહેશે.

| અ.નં. | ફાર્મનું નામ | અનામતની રકમ (₹) | અનામત સાથે ભાવપત્રક ભરવાની તારીખ | હરાજીની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | મુસા ફાર્મ, પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, નકૃયુ, વ્યારા | ૧૦,૦૦૦ | ૦૨/૦૫/૨૦૨૨ | ૦૪/૦૫/૨૦૨૨ |
| ૨ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, વ્યારા | ૧૦,૦૦૦ | ૦૨/૦૫/૨૦૨૨ | ૦૪/૦૫/૨૦૨૨ |
| ૩ | કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, ભરૂચ | ૫,૦૦૦ | ૦૪/૦૫/૨૦૨૨ | ૦૫/૦૫/૨૦૨૨ (સવારે) |
| ૪ | કપાસ સંશોધન પેટા કેન્દ્ર, નકૃયુ, અછાલીયા | ૫,૦૦૦ | ૦૪/૦૫/૨૦૨૨ | ૦૫/૦૫/૨૦૨૨ (બપોરે) |
| ૫ | પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી | ૧૫,૦૦૦ | ૦૫/૦૫/૨૦૨૨ | ૦૬/૦૫/૨૦૨૨ |
| ૬ | ઈન્સ્ટ્રકશનલ ફાર્મ, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી | ૧૦,૦૦૦ | ૦૫/૦૫/૨૦૨૨ | ૦૬/૦૫/૨૦૨૨ |
| ૭ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, કોલેજ ફાર્મ, નકૃયુ, નવસારી | ૨૦,૦૦૦ | ૦૫/૦૫/૨૦૨૨ | ૦૬/૦૫/૨૦૨૨ |
| ૮ | ઈન્સ્ટ્રકશનલ ફાર્મ, પીસીપી, નકૃયુ, નવસારી | ૨,૦૦૦ | ૦૫/૦૫/૨૦૨૨ | ૦૬/૦૫/૨૦૨૨ |
| ૯ | સંશોધન વૈજ્ઞાનિક, જળ અને જમીન વ્યવસ્થાપન એકમ, નવસારી | ૫,૦૦૦ | ૦૫/૦૫/૨૦૨૨ | ૦૬/૦૫/૨૦૨૨ |
| ૧૦ | બાગાયત પોલીટેકનીક, નકૃયુ, નવસારી | ૫,૦૦૦ | ૦૫/૦૫/૨૦૨૨ | ૦૬/૦૫/૨૦૨૨ |
| ૧૧ | મુખ્ય શેરડી સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી | ૨,૦૦૦ | ૦૫/૦૫/૨૦૨૨ | ૦૬/૦૫/૨૦૨૨ |
| ૧૨ | કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | ૨,૦૦૦ | ૦૫/૦૫/૨૦૨૨ | ૦૬/૦૫/૨૦૨૨ |
| ૧૩ | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, નકૃયુ, નવસારી | ૨,૦૦૦ | ૦૫/૦૫/૨૦૨૨ | ૦૬/૦૫/૨૦૨૨ |
| ૧૪ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, વઘઈ | ૨,૦૦૦ | ૦૬/૦૫/૨૦૨૨ | ૦૭/૦૫/૨૦૨૨ |
| ૧૫ | હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, નકૃયુ, વઘઈ | ૫,૦૦૦ | ૦૬/૦૫/૨૦૨૨ | ૦૭/૦૫/૨૦૨૨ |
| ૧૬ | કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નકૃયુ, પરીયા | ૨૦,૦૦૦ | ૦૭/૦૫/૨૦૨૨ | ૦૯/૦૫/૨૦૨૨ |

અનામતની રકમનો ડીમાન્ડ ડ્રાફટ / ચેક જે તે કેન્દ્રના ડીડીઓના નામ સાથે પોતાના ભાવ ટેન્ડર ફોર્મમાં બંધ કવરમાં ઉપરમાં જણાવેલ જુદા જુદા કેન્દ્રોના અનામત સાથે ભાવપત્રક ભરવાના તારીખના રોજ કચેરી સમય સુધીમાં ઉપરોકત કચેરીઓને રૂબરૂ કે ટપાલથી પહોંચતા કરવાના રહેશે. આવેલ ભાવપત્રકો જે તે કેન્દ્રના હરાજીના તારીખના બીજા દિવસે નિયત કરેલા સમયે ઈજારદારોની હાજરીમાં જે તે કેન્દ્રના ફાર્મ ખાતે ખોલવામાં આવશે. ઈજારાની શરતો જે તે કેન્દ્રના ફાર્મ ખાતે તથા યુનિવર્સિટીની વેબસાઈટ www.nau.in પર વાંચવા મળશે. અનામત રકમ વગરના ટેન્ડર ગ્રાહય રાખવામાં આવશે નહિ.

નોંધઃ નોવેલ કોરોના વાયરસ (કોવિડ –૧૯) ની મહામારી ના કારણે સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ રૂબરૂમાં ટેન્ડર ફોર્મ ભરતી વખતે અને હરાજીના સમયે ઈજારદાર પોતે અથવા વધુમાં વધુ એક વ્યકિતએ આવવાનું રહેશે.

મંજૂર

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**આચાર્ય, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીમાં આંબા ફાલના ઈજારાની ૨૦૨૨–૨૦૨૩ ના વર્ષની હરાજીથી વેચાણની શરતો.**

૧. વિભાગ–૧ પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, નવસારી ખાતેના પ્લોટ નં. ડી–૨, ૭, ૮, ૧૧, ૧૨, ઈ– ૭, ઈ–૧, જી–૧૦
વિભાગ–૨ બાગાયત પોલીટેકનીક, નવસારી ખાતેના પ્લોટ નં. જી–૨૨, ૨૩ અને જી– ૨૭
વિભાગ–૩ ઈન્સ્ટ્રકશનલ ફાર્મ, નવસારી ખાતેના પ્લોટ નં. એફ–૭ અને એફ–૮ ના ઝાડોનો ઈજારો આપવાનો છે

**દરેક વિભાગનાં અલગ ટેન્ડર ફોર્મ ભરવાના રહેશે.**

૨. ઉપરોકત શરત ૧ માં નિર્દિષ્ટ કરેલ વર્ષ ૨૦૨૨–૨૦૨૩ ની સાલમાં આંબાના ફાલની હરાજી **તા. ૦૬/૦૫/૨૦૨૨** ના સવારે **૧૦.૦૦ કલાકે** રહેશે અને આંબાના ફાલની હરાજીના ઈજારાની મુદત તા. ૧૫/૭/૨૦૨૨ સુધી રહેશે. મુદતમાં કોઈપણ સંજોગોમાં વધારો કરી શકાશે નહી.

૩. ઈજારદાર વ્યકિત પુખ્ત વયનો હોવો જોઈએ અને અસ્થિર મગજનો હોવો જોઈએ નહી.

૪. ઈજારદારે ઈજારાની રકમ નીચેની વિગતે ભરવાની રહેશે.

અ. હરાજીમાં ભાગ લેવા માટે ટેન્ડર સાથે અનામત પેટે વિભાગ–૧ ના રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) વિભાગ–૨ ના રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) અને વિભાગ–૩ ના રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) અલગથી જમા કરાવવાનાં રહેશે અને તે જ વ્યકિતનું ટેન્ડર સ્વીકારવામાં આવશે. અને જે વ્યકિતનું ટેન્ડર મંજુર થશે તેની ઉપરોકત રકમ સાથે હરાજીની રકમનાં ૧૦% નાણાં ડીડી/રોકડથી તાત્કાલીક જમા કરાવવાનાં રહેશે જે અનામત પેટે ગણવામાં આવશે. બાકીના ઈજાદારની અનામત તુર્તજ પરત કરવામાં આવશે. અનામતની રકમ ઈજારો પૂર્ણ થયેથી ફાર્મમાં કોઈ પણ જાતની નુકશાની નહી થયા બાબતની સદર કેન્દ્રના સંચાલક અધિકારીની સંમતિ મળતા પરત કરવામાં આવશે. અનામતની રકમ પર કોઈ પણ જાતનું વ્યાજ આપવામાં આવશે નહી.

બ. ઈજારાની પુરેપુરી રકમ ઈજારો મંજુર થયેથી, **તા. ૧૫/૦૫/૨૦૨૨** સુધીમાં બપોરે **૧૨:૦૦** કલાક પહેલા ડીડીથી અથવા રોકડથી જમા કરાવવાના રહેશે. રકમ ભરાયા બાદ જ ઈજારાનો માલ વેડવા દેવામાં આવશે. તેમ છતાં ખાસ કેસ તરીકે ઉપરોકત મુદતમાં વધુમાં વધુ ૧૫ (પંદર) દિવસની મુદત વધારી શકાશે અને વધારાના ૧૫ દિવસનું યુનિવર્સિટીના નીતિ નિયમ પ્રમાણે વ્યાજ ગણી ઈજારાની કુલ રકમ સાથે જ કચેરીમાં ભરવાની રહેશે. રકમ ભરાયા બાદ જ ઈજારાનો માલ વેડવા દેવામાં આવશે. સદરહુ શરતોનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

૫. ઉપર જણાવેલ ઈજારાની રકમ જમા કરાયા બાદ કેન્દ્ર તરફથી દાખલો લખી આપવામાં આવશે ત્યારબાદ ઈજારદાર કેરી ઉતારવાની શરૂઆત કરી શકશે.

૬. ઉપર જણાવેલ રકમ ઉપર લખેલ મુદતમાં જમા કરાવવામાં નહી આવશે તો ઈજારો રદ કરવામાં આવશે. તેથી નવસારી કૃષિ યુનિવર્સિટીને જે કોઈ નુકશાન થયેલ હશે તે ઈજારદારે ભરપાઈ કરવાનું રહેશે. આ નુકશાન ઉપરોકત અનામતની રકમ માંથી ભરપાઈ કરવા આ સંસ્થા કાયદેસરના પગલા લેવા હકદાર રહેશે. અને તેમાં ઈજારદારની કોઈ તકરાર ચાલશે નહી.

૭. શરત નં. ૪ – બ મુજબ જો ઈજારાની પુરેપુરી રકમ સમયસર ભરવામાં ન આવશે તો ઈજારદારની અનામત જપ્ત કરવામાં આવશે અને ત્યારબાદ કમીટી દ્વારા યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

૮. ઈજારો મંજુર રાખવો કે નહી તેની સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની રહેશે વળી હરાજીમાં રાખેલ માલ ઉપર સરકારી કે પંચાયતના કોઈપણ પ્રકારના ટેક્ષ કે વેરા ઈજારદારના શીરે રહેશે.

૯. ફળ ઉતારતા કોઈ પણ માલ, મકાન, ઝાડપાન વગેરેને નુકશાન ન થાય તેની કાળજી ઈજારદારે રાખવાની રહેશે. ઝાડના લીલા કે સુકા લાકડા તેમજ પાંદડા ઉપર ઈજારદારનો કોઈ પણ હકક રહેશે નહી. નવસારી કૃષિ યુનિવર્સિટીને કોઈપણ જાતનું નુકશાન કરશે, તો અને સંસ્થાને વ્યાજબી લાગશે તો તે નુકશાનની રકમ વસુલ કરવામાં આવશે. ઈજારદાર કે તેમના માણસોએ સંસ્થાના મુખ્ય દરવાજાએથી માલની હેરફેર કરવાની રહેશે.

૧૦. સદરહું ફાર્મમાં ઈજારદાર તરફથી જે રખેવાળ કે પ્રતિનિધિ રાખવામાં આવશે તેના નામ, સરનામા ફોટા સહિત કેન્દ્ર સંચાલકશ્રીને લેખિતમાં રજુ કરવાનાં રહેશે. જેતે શખ્શનું વર્તન નવસારી કૃષિ યુનિવર્સિટીના હિતને નુકશાન કરતા જણાશે તો તેવા માણસોને કેન્દ્રના સંચાલક તરફથી લેખિત જાણ થશે તેજ દિવસે દુર કરવાના રહેશે. અને તેવા માણસોને ફાર્મમાં દાખલ થવા દેવામાં આવશે નહી. જે તે કેન્દ્રના વડાની સંમતિ મેળવ્યા સિવાય કોઈપણ મજુરોને ઈજારાદારે કામ પર લેવા નહી.

૧૧. કોઈપણ કુદરતી આફત અગર કોઈ બીજી આસમાની સુલતાનીથી હરાજી કરેલા ઝાડના ફાલને કોઈપણ નુકશાન થશે તો તેની જે તે સંસ્થા કે યુનિવર્સિટીની કોઈપણ જવાબદારી રહેશે નહી.

૧૨. ઈજારદાર શરત નં. ૧ માં જણાવેલ પ્લોટ સિવાયના કોઈપણ પ્લોટ માંથી કોઈપણ ફળઝાડ પરથી ફળો ઉતારી શકશે નહી. આ શરતનો ભંગ થયેથી શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

૧૩. કોઈપણ રોગવાળા ઝાડના પાન કે નડતર ઝાડના પાન કે ડાળી કાપવામાં આવે કે તેના ઉપર દવાનો છંટકાવ કરવામાં આવે તો ઈજારદાર વાંધો લઈ શકશે નહી.

૧૪. ફળો ફાર્મની બહાર લઈ જવા માટે જે ઝાડોના ફળો ઉતાર્યા હોય તેની ગણતરી કે વજન ની નોંધ ફરજિયાત પણે પ્રથમ ગેટપાસમાં કરાવવાની રહેશે. જે વિભાગમાં સંશોધન માટેના અખતરાના ઝાડ છે તે ઝાડ કે વિભાગના ફળો સંસ્થાના કર્મચારીની હાજરીમાં ઉતારવાના રહેશે અને જો તેમ નહી કરવામાં આવશે તો નુકશાની પેટે અનામતમાંથી વસુલ કરવામાં આવશે.

૧૫. માલ ઉતારવાનો સમય સવારે ૮–૦૦ થી ૧૧–૦૦ અને બપોરે ૨–૦૦ થી ૫–૦૦ વાગ્યા સુધીના રહેશે તે સિવાયના તથા રજાના સમયમાં માલ ઉતારવાનો હોય તો જે તે વિભાગના વડાની મંજુરી મેળવવાની રહેશે.

૧૬. જુદી જુદી જાતોના કરવામાં આવેલ સંકરણના ફળો તેમજ પ્રયોગો અને જુદી જુદી જાતોના ફળોની લેબોરેટરી ટેસ્ટ, પ્રદર્શન માટેના દરેક જાતોના ઝાડના ૧૦–૧૦ ફળો વિના મુલ્યે ઈજારદારે યુનિવર્સિટીને આપવાના રહેશે. દરેક ફળોનું વજન અને સંખ્યા નોંધાવવી પડશે.

૧૭. આ અંગેની કોઈપણ જાતની તકરાર, મુશ્કેલી કે મુદ્દો ઉભો થાય તે અંગે નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી જે નિર્ણય કે ચુકાદો આપવામાં આવશે તે ઈજારદારે માન્ય રાખવો પડશે.

૧૮. હરાજી સમયે જેણે ઈજારો રાખ્યો હોય તે બીજા કોઈપણ ઈસમને ઈજારો આપી શકશે નહી.

૧૯. આંબાના પરિપકવ ફળો બેડીની મદદથી ઉતારવાના રહેશે. અપરિપકવ ફળો તોડતા જોવામાં આવશે તો ફળો ઉતારવાનું કેન્દ્ર વ્યવસ્થાપકશ્રી, તરફથી અટકાવવામાં આવશે. ડાળીઓ હલાવી કે લાંબા વાસથી ઝુડીને કે બીજા અન્ય અયોગ્ય પધ્ધતિથી ફળો ઉતારવા દેવામાં આવશે નહી.

૨૦. આંબા ફાલની હરાજી થયાની તારીખથી આંબા ફાલ સાચવવાની જવાબદારી ઈજારદારની રહેશે.

૨૧. જે ઝાડો ઉપર સંકરણના પ્રયોગ કરવામાં આવે છે તેમજ કલમો બાંધવામાં આવે છે તેને નુકશાન ન થાય કે બગાડ ન થાય તેની તકેદારી ઈજારદારે રાખવાની રહેશે. જો તે નુકશાન થયેલ જણાશે તો ડીપોઝીટની રકમ શરત નં. ૪ (અ) માંથી વસુલાત કરવામાં આવશે.

૨૨. સંસ્થા કે ફાર્મ જે ઝાડ પસંદ કરે તેના ઉપર કલમો બાંધવા દેવાની રહેશે. જેમાં ઈજારદાર કોઈપણ જાતનો વાંધો લઈ શકશે નહી. અને તેનું વળતર પણ આપવામાં આવશે નહી. આવું વળતર મેળવવા ઈજારદાર હકકદાર પણ નથી.

૨૩. ઈજારો રાખનારે કચેરી નકકી કરે તે મુજબની શરતો બંધનકર્તા રહેશે. અને તે મુજબનું લખાણરૂા. ૩૦૦–૦૦ ના નોન જયુડીશિયલ સ્ટેમ્પ પેપર ઉપર દિન પંદરમાં લખી આપવાનું રહેશે. રૂા. ૩૦૦–૦૦ ના નોન જયુડીશિયલ સ્ટેમ્પ પેપર ઈજારદારે પોતાના ખર્ચે લાવવાનો અને શરત મુજબ લખી આપવાનો રહેશે.

૨૪. સંજોગોવશાત ઉપરોકત શરતોમાં કોઈપણ ફેરફાર યુનિવર્સિટીના સત્તાધિશો તરફથી કરવા પડે તો તે માન્ય રાખવા પડશે અને તે અંગે કોઈ તકરાર ચાલશે નહી.

૨૫. સંજોગોવશાત જો ઈજારદારે ઈજારો રાખવા ભરેલ રકમ યુનિવર્સિટી સત્તાધિશોના અંદાજ કરતા ઓછી લાગે કે એક કરતાં વધુ પાર્ટીની રકમ સરખી હોય વગેરે જેવા સંજોગો ઉપસ્થિત થાય તો નિમણૂંક કરેલ કમિટિનો નિર્ણય આખરી રહેશે.

૨૬. કોઈપણ સંજોગોમાં યુનિવર્સિટીના કોઈપણ ફાર્મની પરિસરમાં કેરી પકવવા માટે કેલ્શીયમ કાર્બાઇડનો તથા તેના જેવા રાસાયણિક પદાર્થનો ઉપયોગ કરી શકાશે નહિ.

૨૭. હરાજીના સમયે આવેલ ટેન્ડર દ્વારા આવેલ ભાવ અંદાજિત ભાવ કરતાં ઓછા જણાશે તો હરાજીના દિવસે અને સ્થળે તે જ સમયે જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે.

૨૮. ઈજારદારે અનામતના રકમ સાથે પાનકાર્ડની નકલ ફરજીયાત આપવાની રહેશે.

૨૯. જે ઈજારદારનો ઈજારો મંજુર થશે તેમણે પોતાના મજુરોની રહેવાની સગવડ જાતે કરવાની રહેશે.

૩૦. જો ઈજારદાર કાચી અથવા પાકી કેરીનું વેચાણ ફાર્મ સિવાય કેમ્પસ પરિસરમાં કરવી હોય તો તે માટે અલગથી રૂા. ૧૫,૦૦૦ ડીડી/રોકડથી કાર્યપાલક ઈજનેર, ન.કૃ.યુ., નવસારીની કચેરી ખાતે ભરવાના રહેશે.

૩૧. ઈજારા રાખનાર વ્યકિત દ્વારા ફાર્મ ઉપર રાખવામાં આવેલ મજુરો લડાઈ–ઝઘડા, કોઈ અનિચ્છનીય બનાવ બને તેની સંપૂર્ણ જવાબદારી ઈજારા રાખનાર વ્યકિતની રહેશે.

૩૨. ઈજારદારે જે તે પ્લોટમાંથી ઉતારવામાં આવેલ કેરીનું અલગ અલગ વજન કરી ફાર્મ પરના અધિકારીને નોંધાવાનું રહેશે.

૩૩. નોવેલ કોરોના વાયરસ (કોવિડ –૧૯) ની મહામારી ના કારણે સરકારશ્રીની ગાઈડલાઈનનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે

૩૪. ઈજારદાર રાખનારે તેમના જે મજુરો જે તે ફાર્મ ખાતે આવવાના હોય તેમનો આધારકાર્ડની ઝેરોક્ષ નકલ જે તે ફાર્મ ખાતે ફરજીયાતપણે આપવી.

નવસારી
તા. ૧૮/૦૪/૨૦૨૨

આચાર્યશ્રી
અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

પ્રતિ
**સંશોધન નિયામકશ્રી અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ,**
નવસારીકૃષિ યુનિવર્સિટી,
નવસારી

મંજુર

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી